# મારી પદયાત્રા : રવીશંકર મહારાજ સાથે..

–ગુણવન્ત શાહ

મહાત્મા ગાંધીના દર્શન કરવાની તક ભલે ન મળી; પરન્તુ પુરા છ મહીના પુજ્ય રવીશંકર મહારાજ સાથે પદયાત્રા કરવાની તક મળી તે મારું સદ્ભાગ્ય ! મેં ગાંધીજીના દષ્ટીબીન્દુથી મહારાજને નથી જોયા; પરન્તુ C/o મહારાજ ગાંધીજીને જોયા ! એ પદયાત્રા ગાંધીજીના ભુદાન આંદોલનના ભાગરુપે 1957માં થઈ ત્યારે લાંબો સત્સંગ થતો રહ્યો. સાથે સાધુચરીત જુગતરામ દવે હતા. હર્ષકાંત વોરા મુરબ્બી મટીને મીત્ર બની ગયેલા. રમણ અને હું ખડે પગે એ વડીલોની સેવામાં હાજર રહેતા. પદયાત્રા ઓર(લ)પાડ, ચોર્યાસી, કીમ, બારડોલી, વ્યારા, સોનગઢ, વલસાડ અને પારડી પંથકમાં થયેલી. પદયાત્રાની સાથોસાથ વીચારયાત્રા પણ ચાલતી રહેતી. પુજ્ય મહારાજ રાંદેરમાં મારે ઘરે જ રહેલા, ત્યારે મેં મારી રેલે સાઈકલ એમને ભેટ આપી હતી. પદયાત્રામાં અમારા બધા જ થેલા એ સાઈકલ પર ભેરવાઈ જતા. મહારાજે એ સાઈકલનું નામ પાડ્યું : 'યાંત્રીક ગધેડો'

બારડોલી તાલુકામાં પદયાત્રા દરમીયાન ભારે વરસાદ તુટી પડ્યો. આકાશ અને પૃથ્વીને ભેગા કરવા મથતી આક્રમક હેલી સામે છત્રી ક્યાં સુધી ટકે ? કેટલાંક ગામોમાં ઘુંટણભેર પાણીમાં પ્રવેશવું પડતું. યજમાનને ત્યાં પહોંચ્યા પછી પહેલું કામ પગ પર જામેલો કાદવ કાઢવાનું રહેતું. મોતા ગામે પહોંચ્યા ત્યારે સરદાર પટેલ સાથે બારડોલી સત્યાગ્રહમાં કામ કરનારા ઉત્તમચંદ શાહ પણ હતા. ખાદીની થેલીમાં મુકેલાં કપડાં કોરાં શી રીતે રહી શકે ? નછુટકે મહારાજે યજમાને આપેલું ટીનોપલની સફેદીમાં શોભતું ધોતીયું પહેર્યું. એમનાં વસ્ત્રો તાજી વણાયેલી ખાદી જેવાં પીળાશની દીક્ષા પામેલાં જ જોવા મળતાં; તેથી ઉછીના લીધેલા પહેરણની અતીસફેદાઈને કારણે તેઓ જુદા જુદા લાગ્યા ! એમનાં ઉજળાં કામોથી આખું ગુજરાત પરીચીત ખરું; પરન્તુ અત્યંત ઉજળાં કપડાંમાં એમને કોઈએ ક્યારેય જોયા નહીં હોય. હજી મને યાદ છે કે મોતા ગામમાં સોનીઓની વસતી ખાસી હતી.

બારડોલીથી પાચસાત કીલોમીટર છેટે બારસડી નામે ગામ છે. અમારી પદયાત્રા ત્યાં પહોંચી કે તરત સમાચાર મળ્યા કે ગાંધીજીના અન્તેવાસી શ્રી નરહરી પરીખની સ્થીતી અત્યંત ગમ્ભીર છે. અમને સૌને લેવા માટે એક ટ્રક પણ તૈયાર રાખી હતી. મહારાજે તો બારડોલી ચાલતા જવાનો આગ્રહ રાખ્યો. નરહરીભાઈ તો જીવંત હોવા છતાં ઈન્દ્રીયાતીત બની ચુક્યા હતા. તે જ દીવસે નરહરીભાઈનો છેલ્લો શ્વાસ મહારાજની હાજરીમાં તુટયો; પરન્તુ મહારાજની પદયાત્રા અતુટ રહી ! નરહરીભાઈના સુપુત્ર મોહન પરીખ અચ્છા ફોટોગ્રાફર પણ હતા. અમારી પદયાત્રા કીમ પાસેના પીપોદરા ગામેથી નીકળી ત્યારે એમણે અમારા ફોટા લીધા હતા. એક યાદગાર ફોટો આજે પણ વેડછી આશ્રમમાં પુજ્ય જુગતરામભાઈના સ્મારકતીર્થમાં જોવા મળે છે. બરાબર યાદ છે, આગલી રાતે જુગતરામકાકા બીજા દીવસે સવારે નાસ્તો મળે તેની ચોકસાઈ કરી લેતા અને અંગ્રેજી છાપું અચુક વાંચી લેતા.

મહારાજ મળસ્કે ચારેક વાગ્યે જાગી જતા; પરન્તુ પથારીમાં બેસીને ફાનસને અજવાળે ગીતાપાઠ કાયમ કરતા. તેમને ગીતા લગભગ કંઠસ્થ હતી; પરન્તુ તપખીરની દાબડી જેવી ગુટકોગીતા તેઓ હાથમાં રાખતા. જરુર પડે તો ક્યાંક શ્લોક જોઈ લેતા અને આગળ વાંચતા. ગીતા પ્રમાણે જીવી જનારા લોકસેવકો કેટલા ? ત્રણ નામો લેવાં રહ્યાં : મહારાજ, જુગતરામભાઈ, અને બબલભાઈ. ગાંધીયુગ સાથે સેવાયુગ ચાલતો રહ્યો. કુડસદ પાસે પદયાત્રા પહોંચી ત્યારે સમાચાર મળ્યા કે સ્વામી આનંદ મહારાજને મળવા આવી રહ્યા છે. કોઈ કારણસર સ્વામી ન આવ્યા. એ તક ગઈ તે ગઈ ! હું કદી સ્વામી આનંદનાં દર્શન ન કરી શક્યો. બીજા સંત કેદારનાથજી તો કીશોરલાલ મશરુવાળાના ગુરુ હતા. કેદારનાથજી બે વાર રાંદેર આવેલા અને એક વાર અમારે ઘરે રહેલા. તેઓ વ્યવહારશુદ્ધી આંદોલન ચલાવતા હતા. એમનું પુસ્તક ‘વીવેક અને સાધના’ વાંચીએ તો ખ્યાલ આવે કે બાહ્યાચાર વીનાનું પરીશુદ્ધ અધ્યાત્મ કેવું હોય.

એક અંગત વાત સંકોચપુર્વક લખી રહ્યો છું. અમારી પદયાત્રા વલસાડ પાસે અતુલની નજીક કોઈ ગામમાં પહોંચી. ભોજન પછી હું હર્ષકાન્ત વોરા સાથે બેઠો હતો ત્યાં કોઈએ આવીને કહ્યું : ‘ગુણવન્તભાઈ, પુજ્ય મહારાજ તમને બોલાવે છે.’ આશ્ચર્ય થયું; કારણ કે મહારાજ માંડ 25-30 મીટર છેટે કોઈ ઓરડામાં બેસીને રેંટીયો કાંતી રહ્યા હતા. બપોરના ભોજન પછી અમે પદયાત્રીઓ આરામ કરતા અને અમને તરત જ ઉંઘ આવી જતી. મળસકે ઉઠીને દસ–પંદર કીલોમીટર ચાલવાનું થતું તેથી બપોરની ઉંઘ વહાલી લાગતી. મહારાક કદી બપોરે આરામ કરતા નહીં અને રેંટીયો કાંતવા બેસી જતા. મેં એમને કાંતતી વખતે ઝોકું ખાઈ જતા પણ જોયા હતા. મને એમણે શા માટે બોલાવ્યો હશે ? કાંતવાનું બંધ રાખીને મને પાસે બેસાડીને મહારાજે કહ્યું : ‘ગુણવન્ત, તારા વીવાહ માટે મારી પાસે એક વાત આવી છે. બારડોલી સ્વરાજ આશ્રમના ફલાણાભાઈની દીકરી માટે.’ હું આવા પ્રસ્તાવ માટે માનસીક રીતે બીલકુલ તૈયાર ન હતો. કદાચ પરણવા માટે જ હું તૈયાર ન હતો ! મહારાજે વાત કહી ખરી; પરન્તુ એમાં આગ્રહ ગેરહાજર હતો. મેં માત્ર એટલું જ કહ્યું : ‘હું વીચારીશ.’ હર્ષકાન્તભાઈ મારી રાહ જોતા બેઠા હતા. મેં એમને વાત કરી ત્યારે એમણે એટલું જ કહ્યું : ‘હું આશ્રમમાં રહું છું; છતાં કહું છું કે આશ્રમવાળાની છોકરી લેવામાં બહુ માલ નહીં.’ ( પાદનોંધ : આ લખાણ ‘દીવ્ય ભાસ્કર’(તા. 15-2-2015)માં પ્રગટ થયું પછી મીત્ર મ. જો. પટેલનો પત્ર મળ્યો. પોસ્ટ કાર્ડમાં લખ્યું હતું : ‘બારડોલીના આશ્રમમાંથી શ્રી.....ભાઈ પુજ્ય મહારાજ પાસે આવો પ્રસ્તાવ લઈને આવ્યા હતા ત્યારે હું ત્યાં હાજર હતો.’ –લેખક)

મને આવી બાબતમાં મહારાજ કરતાંયે હર્ષકાન્તભાઈ વધારે શ્રદ્ધેય જણાયા. ત્યાં જ વાત પુરી થઈ. વર્ષો પછી મેં મારાં બાળકોને રાંદેરમાં કોઈ લગ્નપ્રસંગે એ સ્ત્રી બતાવી અને કહ્યું : ‘યોર વુડ હેવ બીન મધર.’ તે દીવસે બાળકોએ મારી મશ્કરી ધરાઈને કરી. એ સ્ત્રી પણ માતા બની ચુકી હતી. મને એક મહાન આપત્તીમાંથી બચાવી લેવા બદલ આજે પણ હું હર્ષકાન્ત વોરાનો આભારી છું. હર્ષકાન્તભાઈ મુમ્બઈની સેંટ ઝેવીયર્સ કૉલેજમાંથી ભણીને એમ. એસસી. થયા હતા અને મેથેમેટીક્સ સાથે ફર્સ્ટ ક્લાસ ફર્સ્ટ આવ્યા બાદ ઠક્કરબાપા પાસે પહોંચ્યા હતા. ત્યાર બાદ તેઓ જુગતરામ દવે પાસે વેડછી ગયેલા. હું તો બચી ગયો રે બચી ગયો ! આગળ વાત કરી તે ફરીથી કરું ? આવો નીખાલસ નાગર મેં જીવનમાં કદી જોયો કે જાણ્યો નથી.

પુજ્ય મહારાજ વાત કરે ત્યારે અત્યન્ત આદરપુર્વક સરદાર પટેલને 'સરદારસાહેબ' તરીકે યાદ કરતા. માનશો ? તેઓ એક પ્રસંગે સરદારની સામે થયેલા. અમદાવાદ શહેરનો વીકાસ થયો ત્યારે ગટરનાં પાણીનો નીકાલ કરવા માટે ગ્યાસપુર ગામનો કબજો લઈને અમદાવાદ મ્યુનીસીપાલીટીએ ગામલોકોને ગામ ખાલી કરવાના હુકમની તૈયારી કરી. નરહરી પરીખે આ વાત મહારાજને કરી. સરદાર વીઠ્ઠલ કન્યાવીદ્યાલયમાં નડીયાદ આવ્યા ત્યારે મહારાજ એમને મળ્યા. સરદારે કહી દીધું : 'તમે એમાં નહીં સમજો. તમે આમાં પડશો નહીં અને લોકોને ચડાવશો નહીં.' મહારાજ તો સડક થઈ ગયા ! થોડી વાર ચુપ રહીને માત્ર એટલું જ બોલ્યા : 'તો ત્યાં જમીન લેવા આવજો. હું ત્યાં મળીશ.' સરદાર મહારાજનો મીજાજ પારખી ગયા અને ગ્યાસપુર બચી ગયું !

બીજો પ્રસંગ પુજ્ય મહારાજ મોરારજીભાઈની સામે થયા તેનો છે. 1949-50ના અરસામાં મહારાજ, ઉમાશંકર જોશી અને યશવન્ત શુક્લ ચીન ગયા હતા. ત્યાંની સામ્યવાદી સરકારનાં કેટલાંક પગલાંથી સૌ પ્રભાવીત થયા. મહારાજ દેશ પાછા આવ્યા અને મુમ્બઈમાં મોરારજીભાને નીવાસે મળવા ગયા. ચીનની પ્રશંસા સાંભળીને મોરારજીભાઈ ગુસ્સે થયા અને એમણે મહારાજને કડવા શબ્દોમાં અપમાનીત કર્યા.( પાદટીપ : મોરારજીભાઈના એ કડવા શબ્દો હું જાણું છું; તોય અહીં લખી શકું એમ નથી – લેખક) બન્ને વચ્ચે બોલવાનો સમ્બન્ધ ન રહ્યો. મહાગુજરાતની ચળવળના પ્રારંભે અમદાવાદમાં ગોળીબાર થયો. ઈન્દુચાચા લોકનેતા હતા. મોરારજીભાઈ ઉપવાસ પર ઉતર્યા. એમની સભા સામે 'જનતા કરફ્યુ'નું એલાન થયું. મહારાજ જાણી જોઈને અમદાવાદથી દુર જ રહ્યા. મોરારજીભાઈના ઉપવાસ છોડાવવામાં તેઓ ઘણા મદદરુપ થાય તેમ હોવા છતાં; મહારાજ મોરારજીભાઈને મળવા પણ તૈયાર ન હતા. અમારી પદયાત્રા વલસાડ પાસેના કોસંબા ગામે હતી ત્યાં વર્ષો પછી મોરારજીભાઈનો વીનયપુર્ણ પત્ર મહારાજને મળ્યો. મહારાજે આભીજાત્ય પ્રગટ કરીને સાનુકુળ પ્રતીભાવ આપ્યો. બન્ને મહાનુભાવ વચ્ચે ફરી સુમેળ થયો. પરીણામે મોરારજીભાઈએ ગુજરાત રાજ્યની સ્થાપના થઈ ત્યારે તેનું ઉદ્ઘાટન મહારાજ પાસે કરાવ્યું ! એ પદયાત્રામાં મ. જો. પટેલ અમારી સાથે હતા. એમનું પુસ્તક પ્રગટ થયું તે મને મોકલ્યું તેમાં પોતાના હસ્તાક્ષરમાં લખ્યું છે :

*પ્રીય ગુણવન્તભાઈ શાહને સપ્રેમ :*

*પુ. દાદાના સાન્નીધ્યમાં*

*આપણે સાથે કરેલી પદયાત્રાની મધુર સ્મૃતીમાં.*

*–મ. જો. પટેલ*

દેશી તીથી પ્રમાણે મહાશીવરાત્રી પુજ્ય મહારાજની જન્મતીથી છે. પદયાત્રામાં એ દીવસે હું મહારાજને પગે લાગીને આશીર્વાદ માગતો; કારણ કે દેશી તીથી પ્રમાણે એ મારી પણ જન્મતીથી છે. આદરણીય મોરારીબાપુની જન્મતીથી પણ એ જ છે. જ્યારે પણ તમે 'વૈષ્ણવજન' ભજન સાંભળો ત્યારે જરુર યાદ રાખશો : ગુજરાતમાં રવીશંકર મહારાજ થઈ ગયા અને તેઓ ખરા અર્થમાં **वैष्णवजन** હતા.

–ગુણવન્ત શાહ

એમના **'ગાંધીની લાકડી'** પુસ્તક (પ્રકાશક : આર. આર. શેઠ, મુમ્બઈ (022-2201 3441) અને અમદાવાદ (079-2550 6573) Website : www.rrsheth.com eMail : sales@rrsheth.com ; પૃષ્ઠ સંખ્યા : ૨૪૦; કીમત : રુપીયા ૨૦૦; પ્રથમ પ્રકાશન : જુન ૨૦૧૫)માંથી ૪૩મું પ્રકરણ પાન ૨૨૭થી ૨૩૦ ઉપરથી સાભાર...

અને યાદ રાખીને, રાંદેરના શ્રી. રમણભાઈ પટેલ મારફત, ભાવપુર્વક એ પુસ્તક મોકલવા બદલ વહાલા ગુણવન્તભાઈનો તો ઘણો જ આભાર..

..ઉત્તમ ગજ્જર અને બળવન્ત પટેલ..

લેખકસમ્પર્ક :

ગુણવન્ત શાહ, 'ટહુકો'–139, વીનાયક સોસાયટી, જે.પી, રોડ, વડોદરા–390 020

લેખકનો બ્લોગ : http://gunvantshah.wordpress.com/

♦●♦

'સન્ડે ઈ–મહેફીલ' – વર્ષ: અગીયારમું – અંક: 332 – October 04, 2015

'ઉંઝાજોડણી'માં અક્ષરાંકન: ઉત્તમ ગજ્જર - uttamgajjar@gmail.com

@@@@@

More than 3,16,43,000 Gujarati Language lovers have visited http://www.gujaratilexicon.com

More than 49,35,000 have visited Digital Bhagwadgomandal

http://www.bhagwadgomandal.com

More than 7,90,000 have visited Lokkosh

http://lokkosh.gujaratilexicon.com

More than 2,12,000 have visited Global-Gujaratilexicon

http://global.gujaratilexicon.com

@@@@@@@@@